**અરજદાર જીકાદ્રુ નિકુંજ, રહે. સાવરકુંડલા, ટાઉન પોલીસ સ્ટેશન એકનોલેજમેન્ટ નં.૩૧૧૦૪૨૬૦૦૮૨૦૭૭ થી નોંધાવેલ ફરીયાદ દ્વારા બેંકમાં ફ્રિઝ થયેલ રકમ મુકત/રિફંડ કરવા માટે બી.એન.એસ.એસ.ની કલમ-૪૯૭ અને ૫૦૩ ની અરજી તળે હુકમ ::**

---

(૧) હાલની અરજીના અરજદાર **જીકાદ્રુ નિકુંજ, રહે. સાવરકુંડલા** નાઓએ સાયબર ક્રાઈમ પોલીસમાં તેઓના **સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા બેંકના ખાતા નં.39975900152** માંથી કુલ **રૂા.૩,૬૦૦/-** ઉપડી ગયેલ હતા, સદરહુ રકમમાંથી સ્ટેટ સાઈબર ક્રાઈમ સેલ,સી.આઈ.ડી.,ગાંધીનગર દ્વારા સામેવાળાના **એરટેલ પેમેન્ટસ બેંક** ના ખાતા નં. **8409042529** ખાતામાં **રૂા.૧,૬૦૦/-** તથા **એરટેલ પેમેન્ટસ બેંક** ના ખાતા નં. **8409042529** ખાતામાં **રૂા.૨,૦૦૦/-** તથા **એરટેલ પેમેન્ટસ બેંક** ના ખાતા નં. **8409042529** ખાતામાં **રૂા.૧,૬૦૦/- એમ કુલ રૂા. ૫,૨૦૦/-** બી.એન.એસ.એસ. કલમ-૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ હતા. જે હાલ સુધી બેંકમાં જેમના તેમ પડી રહેલ છે અને અરજદારને પરત મળેલ નથી. આ બાબતે એફ.આઈ.આર. થયેલ નથી. જેથી અરજદારને મોટું આર્થિક નુકસાન થયેલ છે જેથી અરજદારે ઉપરોકત રકમ મેળવવા હાલની અરજી કરેલ છે. અરજદાર તરફે તેઓની અરજીના સમર્થનમાં અરજદારની આધારકાર્ડની ઝેરોક્ષ નકલ, અરજદારના પાનકાર્ડની નકલ, તથા સામાવાળાનું સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા બેંકમાં રકમ ફ્રીઝ કરાવેલાનું સ્ટેટમેન્ટ રજુ રાખેલ છે.

(૨) સદર અરજી અવતા તપાસ કરનાર અમલદારને અભિપ્રાય રજૂ કરવા યાદી કરેલ. તપાસ કરનાર અધિકારીએ અરજદારની ફરિયાદના આધારે સાયબર ક્રાઈમ સેલ સી.આઈ.ડી. ક્રાઈમ દ્વારા અરજદારના ઉપરોકત ખાતામાંથી ગયેલ નાણા પૈકી સામાવાળાના શંકાસ્પદ **એરટેલ પેમેન્ટસ બેંક** ના ખાતા નં. **8409042529** ખાતામાં **રૂા.૧,૬૦૦/-** તથા **એરટેલ પેમેન્ટસ બેંક** ના ખાતા નં. **8409042529** ખાતામાં **રૂા.૨,૦૦૦/-** તથા **એરટેલ પેમેન્ટસ બેંક** ના ખાતા નં. **8409042529** ખાતામાં **રૂા.૧,૬૦૦/- એમ કુલ રૂા. ૫,૨૦૦/-** બી. એન. એસ.એસ. કલમ-૧૦૬ મુજબ ફ્રિઝ કરાવેલ છે. તેમજ સદર બેંક ખાતા બનાવટી હોવાનું જણાઈ આવેલ છે અને સદરહુ ખાતુ સિઝ કર્યા બાદ ખાતેદાર કે અન્ય કોઈ વ્યકિતએ સિઝ કર્યા બાબત તેમના સમક્ષ(પોલીસ)માં કોઈ વાંધો તકરાર જણાવેલ નથી. જેથી તે રૂપિયા અરજદારને પાછા આપવા અભિપ્રાય આપેલ છે.

(૩) સદરહુ મુદ્દામાલ રોકડ રકમ સંબંધે અરજદાર સિવાય અન્ય કોઈએ કલેઈમ કરેલ નથી. તેમજ મુદ્દામાલ રોકડ રકમ છે, જો વધુ સમય બિનવપરાશી બેંક ખાતામાં પડી રહે તો અરજદારને આર્થિક નુકસાની સહન કરવુ પડે તેમ છે. સદરહુ ગુન્હા બાબતે એફ.આઈ.આર. નોંધાયેલ નથી. તપાસ કરનાર

અમલદારનો અભિપ્રાય વંચાણે લેતાં અરજદારની રકમ સામાવાળા શંકાસ્પદ **એરટેલ પેમેન્ટસ બેંક** ના ખાતા નં. **8409042529** ખાતામાં **રૂા.૧,૬૦૦/–** તથા **એરટેલ પેમેન્ટસ બેંક** ના ખાતા નં. **8409042529** ખાતામાં **રૂા.૨,૦૦૦/–** તથા **એરટેલ પેમેન્ટસ બેંક** ના ખાતા નં. **8409042529** ખાતામાં **રૂા.૧,૬૦૦/– એમ કુલ રૂા. ૫,૨૦૦/–** ફ્રિઝ થયેલ છે, જેથી મુદ્દામાલ રોકડ રકમ નીચેની શરતોને આધિન અરજદારને પરત સોંપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે. આથી, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**૧.** અરજદારની અરજી **મંજૂર** કરવામાં આવે છે.

**૨.** તપાસ કરનાર અમલદારને અરજદારની સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન **એકનોલેજમેન્ટ નં. 31104260082077** ની ફરિયાદના કામે **એરટેલ પેમેન્ટસ બેંક** ના ખાતા નં. **8409042529** ખાતામાં **રૂા.૧,૬૦૦/–** તથા **એરટેલ પેમેન્ટસ બેંક** ના ખાતા નં. **8409042529** ખાતામાં **રૂા.૨,૦૦૦/–** તથા **એરટેલ પેમેન્ટસ બેંક** ના ખાતા નં. **8409042529** ખાતામાં **રૂા.૧,૬૦૦/– એમ કુલ રૂા. ૫,૨૦૦/–** બી.એન.એસ.એસ.ની કલમ–૧૦૬ મુજબ ફ્રિજ કરવામાં આવેલ છે તે અરજદાર **જીકાદ્રુ નિકુંજ, રહે. સાવરકુંડલા** નાઓના **સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા બેંકના ખાતા નં.39975900152** માં કુલ **રૂા.૩,૬૦૦/–**રકમ જમા કરાવવી.

**–:: શરતો ::–**

- અરજદારે મુદ્દામાલ રકમ તપાસના કામે જરૂર પડે તો ફરીથી સંબધિત ત.ક.અ.શ્રી ફરમાવે ત્યારે અને જો ટ્રાયલ દરમ્યાન જમા કરવાનું કોર્ટ ફરમાવે તો સંબંધિત પોલીસ સ્ટેશન અથવા કોર્ટમાં રજૂ રાખવાની રહેશે.
- હુકમ કરવામાં આવેલી ફ્રિઝ થયેલી રકમ અંગે સાધનિક પુરાવાઓ સાથે અન્ય કોઈ વ્યકિત કલેઈમ કરે અને સાબિત કરે કે આ રકમ તેની છે અને કોર્ટ તે રકમ પરત કરવા હુકમ કરે તો તે રકમ પરત કરવા માટે જરૂરી બાહેંધરી ત.ક.અ.શ્રી સમક્ષ રજૂ કરવી.
- હુકમની જાણ સંબંધિત પોલીસ સ્ટેશને યાદીથી કરવી.

હુકમ આજરોજ ખૂલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : સાવરકુંડલા.
તારીખ : ૨૫/૦૬/૨૦૨૬

(એમ.એફ. પઠાણ)
અધિક ચીફ જ્યુ. મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા.
(UIC CODE NO : GJ01236)